
નૂતન યુગના
ઉઘાડને આવકારવા,
ચાલો ! આપણાં જીવન અને
મનનાં કમાડ ઉઘાડીએ !

શ્રી ઠાકોરજી મહારાજની કૃપા, ગુરુહરિના આશીર્વાદ અને સંતો-ભક્તોની ભક્તિ રૂપી હાંહાંગડથલના સુફલ રૂપે મોગરી સ્થિત અનુપમ મિશનની તીર્થતપોભૂમિ પર પ્રાદુર્ભાવ પામેલા આપણા દિવ્ય મંદિરજીમાં હાજરાહજૂર શ્રી ઈષ્ટદેવ તથા ગુણાતીત સત્પુરુષોની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠાના પ્રથમ પાટોત્સવનો મંગલ ઉત્સવ આ પોષીપૂર્ણિમાએ આવ્યો છે !

ભાગવતી દીક્ષાના મહા મંગલકારી પર્વે અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીને આપણાં સૌનાં સાષ્ટાંગ દંડવત-હૃદયવંદન છે !

આ વર્ષે સમય-સંજોગની અનુકૂળતા મુજબ આપણે આ મહાપર્વના રૂબરૂ કે ડિજિટલ માધ્યમથી દર્શન અને સેવાના લાભ પ્રાપ્ત કરીશું, એ આપણા સૌ પર શ્રી ઠાકોરજી મહારાજની મહેર હશે !

ગત લગભગ એક વર્ષના સમય દરમિયાન પ્રવર્તમાન વિપદ કાળના કારણે દેશ અને દુનિયાના આપણા બહુધા સંતો-અક્ષરમુક્તોને આપણા મંદિરજીનાં અને તેમાં વિરાજમાન શ્રી ઠાકોરજીનાં દર્શનનાં સુખ મહદ્ અંશે ડિજિટલ માધ્યમ દ્વારા જ પ્રાપ્ત થયાં. છતાં, આપણાં સૌનાં હૃદય આપણા શ્રી મંદિરજી અને શ્રી ઠાકોરજી સહિત ગુરુહરિ સાહેબજી પ્રતિ ગદ્ગદ ધન્યભાવ અને માહાત્મ્યયુક્ત ભક્તિથી સભર ભર્યાં-ભર્યાં છે ! આવી બ્રહ્માનંદપ્રદ અનુભૂતિ એ આપણા સાધુ સાથેના દીર્ઘ સદ્સંગ અને પ્રસંગની ફળશ્રુતિ છે.



સંતભગવંત સાહેબજીની પ્રાર્થના અને આશીર્વાદથી સુખદ કાળના આરંભનાં એંધાણ સ્પષ્ટ છે ; દિવ્ય નૂતન યુગના ઉદયનો આછો ઉજાસ પણ અનુભવાય છે. એક અર્થમાં તો, આપણા શ્રી મંદિરજીનો પ્રથમ પાટોત્સવ એ દિવ્ય નૂતન યુગના ઉદયનાં પ્રથમ કિરણોને આપણાં નવજીવન અને હૃદયમાં વધાવવાનું ઉલ્લાસપર્વ છે.

આ નૂતન યુગના દિવ્ય જીવનને આવકારવા આપણાં મન અને જીવનનાં કમાડ ઉઘાડીએ. એ કમાડ ઉઘાડવાની કૂંચી પણ આપણી જ સમજણ અને તેનાં યથાર્થ આચરણમાં પડી છે.

ભગવાનનો અતિ દૃઢ આશરો, ભગવાનના પ્રગટ સ્વરૂપમાં સમ્યક્ નિર્દોષબુદ્ધિ, ભગવાનધારક સાધુ સાથે જીવની પ્રીતિ ને આત્મબુદ્ધિ અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં આચરણ; - આ ચારેય એ કૂંચીઓ છે !

આ વર્ષે આપણે શ્રી ગુણાતીતાનંદ સ્વામી દીક્ષા મહાપર્વના અને પ્રથમ પાટોત્સવ પર્વના રૂબરૂ કે ડિજિટલ માધ્યમથી દર્શન અને સેવાના લાભ પ્રાપ્ત કરીએ ત્યારે એ દુર્લભ લાભને માહાત્મ્યસભર હૃદયે માણીએ. પ્રાર્થના કરીએ કે :

હે પ્રભુ ! હે સાહેબદાદા !

ભગવાનનો અતિ દૃઢ આશરો કેળવવા, આપના સ્વરૂપમાં સહજ સમ્યક્ નિર્દોષબુદ્ધિ રાખવા, ભગવાનધારક એવા સદ્ગુરુઓ અશ્વિનદાદા, શાંતિદાદા જેવા સાધુ સાથે જીવની પ્રીતિ ને આત્મબુદ્ધિ દૃઢ કરવા અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં આચરણને સ્વાભાવિક જીવન બનાવવા અમારી સુરુચિ અને હાંહાંગડથલ રૂપ ભક્તિયત્નમાં આપ બળ પૂરજો, અખંડ સાથે રહેજો ને રક્ષા કરજો, પ્રભુ !

~ સાધુ મનોજદાસ